## પાઠ – ૧૪.૧) દ્રવ્ય (સામાન્ય)

### હું કોણ છું ? અને વિશ્વના ઘટકો

### ૬ દ્રવ્ય (સત્) – સામાન્ય પાસાઓ

માણસનું પૃથ્વી પરનું અસ્તિત્વ અને તેના હેતુને કારણ છે. જીવોમાં માત્ર મનુષ્ય જ છે જે જીંદગીના હેતુ માટે વિચારી શકે છે કારણકે તેની ક્ષમતા એ રીતે થયેલી છે. મનુષ્ય પ્રાણીઓથી અનેક રીતે જુદો છે કારણ કે તેની જીવનશૈલી પ્રાથમિક જરૂરીયાત પૂરતી જ સીમિત નથી. પરંતુ તેને હજી ઉચ્ચ દરજજો પ્રાપ્ત કરવા મનુષ્ય પ્રયત્નશીલ હોય છે. સમાજની શરૂઆતથી જ માનવે અનેક જીજ્ઞાસાઓ સાથે જાણવાનો પ્રયત્ન કર્યો છે કે, '**હું કોણ છું ?**' પરંતુ એનો કોઈ જવાબ મળ્યો નથી. ભૌતિક દ્રષ્ટિએ કે આધ્યાત્મિક દ્રષ્ટિએ મારું શરીર શું છે ? શું શરીર અને આત્મા સમાન છે ? બ્રહ્માંડમાં બીજું શું શું છે ? તેનો મારી સાથે શું સંબંધ છે ? શેનું અસ્તિત્વ છે ? દુનિયા કોણે બનાવી છે ? મારી જીંદગીનું ધ્યેય શું છે ? એવા ઘણા સવાલો મનુષ્યના મનમાં આવ્યા કરે છે.

બધા ધર્મો અને ફીલસૂફીઓએ આ સવાલોના અલગ અલગ જવાબો આપવાની કોશિશ કરી છે.

અસ્તિત્વ બે પ્રકારના છે.

૧) ઈન્દ્રિય ગ્રાહ્ય એટલે જે વસ્તુઓ આપણી પંચેન્દ્રિયથી જાણી શકાય (Physical).

૨) ઈન્દ્રિયથી અગ્રાહ્ય એટલે જે વસ્તુઓ ઈન્દ્રિય તથા મનથી પર છે દા.ત. આત્મા (Metaphysics).

અનેક પરંપરાઓમાં પરસ્પર વિરોધી સિધ્ધાંત છે જે નીચે પ્રમાણે છે :

૧) દુનિયાનું અસ્તિત્વ છે. દુનિયાનું અસ્તિત્વ નથી.

૨) આ ભ્રાંતિ છે.

૩) દુનિયા કાયમી છે. દુનિયા કાયમી નથી.

૪) દુનિયાની શરૂઆત છે. દુનિયાની શરૂઆત નથી.

૫) દુનિયાનો અંત છે. દુનિયાનો અંત નથી.

૬) દુનિયાનું સર્જન થયું છે.દુનિયાનું સર્જન નથી થયું.

૭) આ મુદ્દો હિતકારી છે. આ હાનિકારક છે.

૮) આ સારો સાધુ છે. આ ઢોંગી સાધુ છે.

૯) મુક્તિ છે. મુક્તિ નથી.

૧૦) નર્ક છે. નર્ક નથી.

આવા અનેક સવાલો ઉદ્ભવે છે.

જૈન શાસ્ત્ર કહે છે કે બ્રહ્માંડ અને બ્રહ્માંડના ઘટકો સત્ છે, માયા નથી, તે બધા શાશ્વત છે. સમયના સંદર્ભમાં એની શરૂઆત કે અંત નથી. બ્રહ્માંડની ગતિ પોતાની મેળે છે અને તેના પોતાના નિયમો છે. બધા જ ઘટકોની પર્યાય અવિરત બદલાય છે પણ મૂળ સ્વરૂપ ધ્રુવ છે. બ્રહ્માંડમાં કંઈ નવું બનતું નથી કે વિનાશ થતું નથી. તેમાં કોઈ હસ્તક્ષેપ નથી એટલે જૈન દર્શન ઈશ્વરને સર્જનહાર નથી માનતો. ભગવાન સર્જનહાર, પાલનહાર કે વિનાશ કરનારા નથી. તો એક સવાલ ઉભો થાય છે કે ભગવાન વગર આ બધું કેવી રીતે ચાલે છે? પરંતુ તાર્કિક સવાલ એ છે કે સર્જનહાર પોતાના સર્જનહાર વગર કેવી રીતે અસ્તિત્વમાં છે? આના કોઈ જવાબ નથી.

**બ્રહ્માંડ માટે જૈન માન્યતા :**

જૈનો માને છે બ્રહ્માંડ સાચેજ અસ્તિત્વમાં છે માયા નથી સત્ છે. તેમાં બે પ્રકારના પદાર્થ છે. જીવ-સજીવો અને અજીવ-નિર્જીવો. જેમાં બધું જ આવી જાય છે અવકાશ પણ.

બ્રહ્માંડમાં કશુંય સર્જાતુ નથી કે નથી નાશ પામતું. તેઓ એક પર્યાયમાંથી બીજા પર્યાયમાં બદલાય છે. જૈનો માને છે બ્રહ્માંડ પહેલા પણ હતું અને હંમેશા રહેશે. તે પોતના નિયમો અને પોતાની ઊર્જાના સ્તોત્રથી જ ચાલે છે. આ અત્યારના વૈજ્ઞાનિક નિયમથી સુસંગત છે.

બ્રહ્માંડમાં અનંત વસ્તુઓ છે જેમકે પુદ્ગલ છે જે રૂપી (દ્રશ્યમાન)છે, ગુરુત્વાકર્ષણ બળ છે જે અદ્રશ્ય છે. જીવ અને અજીવ પણ છે જે અનુભવથી, અનુમાનથી અથવા પ્રત્યક્ષ જોવાથી જાણી શકાય તેમજ કાળ અને આકાશ પણ છે. જીજ્ઞાસુ મનુષ્ય હંમેશા બ્રહ્માંડના આ રહસ્યોનો તાગ મેળવવા માટે પ્રયત્નશીલ છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના અભ્યાસથી પહેલા જે અકલ્પનીય લાગતું હતું તે હવે શકય બન્યું છે. ભૌતિક શાસ્ત્રના સિધ્ધાંતથી વિજ્ઞાને ઘણું બધું નવું જાણવાની રીતો વિકસાવી છે અને આ આકાશગંગાથી બહાર પણ નીકળવાનો પ્રયત્ન કર્યો છે.

જે વર્તમાનમાં અસ્તિત્વમાં છે તે ઈન્દ્રિયોથી અથવા અનુભવના અનુમાનથી જાણી શકાય છે. આ પ્રાચીન ધર્મગ્રંથોમાં પણ લખાયેલું છે. ધર્મના સંસ્થાપકોએ બ્રહ્માંડ કેવું છે એ સમજાવાની કોશિશ કરી છે પરંતુ આ બધા ધર્મોનો મુખ્ય કેન્દ્રિય મુદ્દો આત્માનો છે. આત્માનું અલગ અસ્તિત્વ છે એમ ધર્મગ્રંથોનું કહેવું છે. વિજ્ઞાન આને માન્યતા નથી આપતું કારણકે આત્માને ઈન્દ્રિયોથી કે પ્રયોગથી જાણી શકાતો નથી. એક દ્રષ્ટિકોણ જે વિજ્ઞાન અને ધર્મને જુદા કરે છે એ છે, વિજ્ઞાનને લૌકિક જગત સાથે લેવાદેવા છે જયારે ધર્મ લૌકિક અને અલૌકિક વિશ્વ સાથે જોડાયેલો છે. વિજ્ઞાનની સમજ આવા અલૌકિક પુરુષ જેમકે ભગવાન, ભગવાનના દૂત બધામાં છે જ નહી અને અલૌકિક વિચાર જેવાકે ચમત્કાર કે કર્મમાં પણ માનતા નથી. દા.ત. ન્યુરોસાયન્ટીસ્ટ આપણા વિચારોને મગજમાં થતા કંપનથી સમજાવે છે નહી કે આત્માની ક્ષમતાથી.

જૈન દર્શન કહે છે કે દરેક ચીજ જે બ્રહ્માંડમાં છે તે સત્ છે તે દ્રવ્ય છે. ફિલસુફીની ભાષામાં આ સત્ અનંત છે અને દરેક સત્ સ્વતંત્ર છે. જે અસ્તિત્વમાં છે એ આ સત્નો ભાગ છે. હિંદુ ધર્મ માને છે કે સત્ એકજ છે અને એ છે બ્રહ્મ. બાકી બધું આ સત્નો અંશ છે. જૈન ફિલસૂફી બ્રહ્માંડના આ બધા ઘટકોનું છ ભાગમાં વર્ગીકરણ કરે છે જેને ષડ્દ્રવ્ય કહેવાય છે.

દ્રવ્યના છ વિભાગ નીચે પ્રમાણે છે :

૧) જીવ (ચેતન તત્વ) : જીવના બે ભાગ છે. અ) સિધ્ધજીવ – શરીર વગરના જીવ બ)સંસારી જીવ – સશરીર. વિજ્ઞાને સંસારી જીવ(સજીવ)ને માન્ય રાખ્યું છે પણ સિધ્ધ જીવને ઓળખ્યો નથી કારણ કે આત્મા અદ્રશ્ય છે, અરૂપી છે.

અજીવ : પાંચ છે.

૨) પુદ્ગલ : બધા ભૌતિક પદાર્થો અને તેની ઊર્જા, બળ જે આપણે ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્રમાં શીખીએ છીએ એ રૂપી છે, દ્રશ્યમાન છે અને જેને અનુભવાય છે.

૩) ધર્મ : અહી ધર્મનો અર્થ રીલજીયન નથી. આ એક દ્રવ્ય (સત્) છે જે પુદ્ગલ અને જીવને ગતિસહાયક છે. આપણને ખબર છે કે વિશ્વમાં બધા અણુ નિરંતર ગતિમાન છે અને ગતિને સહાયક દ્રવ્ય છે અર્થાત આ સત્ છે જે ગતિને સહાયક છે. દા.ત. જેમ પાણી માછલીની ગતિમાં સહાયક છે. વિજ્ઞાન આ વિચારને સમજવાની કોશિશ કરી રહ્યું છે અને ઘણા સંશોધનો આ માટે ચાલી રહયા છે.

૪) અધર્મ : વિશ્વમાં બધું ગતિશીલ હોવા છતાં બધું સંતુલિત છે. આ બધું ગતિશીલ હોવા છતાં સ્થિર કેવી રીતે રહી શકે ? જૈન વિદ્ધાનોએ આને અધર્મ નામ આપ્યું છે. એ સત્ છે જે જીવ અને પુદ્ગલને સ્થિરતા અને સમતોલન સહાયક છે.

૫) કાળ : જૈન ધર્મમાં કાળના બે પાસા છે. ૧) દ્રવ્ય કાળ : જે જીવ અને પુદ્ગલનો પરિવર્તન સહાયક છે. જેમ ધર્મ ગતિસહાયક છે અને અધર્મ સ્થિરતા સહાયક છે. ૨) વ્યવહાર કાળ : જે દ્રવ્ય કાળનો પર્યાય છે જેનાથી કાળને માપવામાં આવે છે. દા.ત. મિનિટ, સેકન્ડ વગેરે.

૬) આકાશ : દ્રવ્ય છે, સત્ છે જે અવગાહના સહાયક છે જે બાકીના બધા દ્રવ્યોને રહેવા માટે જગ્યા આપે છે.

વિજ્ઞાન પુદ્ગલ(મેટર), કાળ અને આકાશને માને છે પણ ધર્મ અને અધર્મની શોધ હજી પુરી થઈ નથી. બધા સજીવોમાં આત્મા અને શરીર છે, શરીર પુદ્ગલ છે. આ છએ દ્રવ્ય શાશ્વત છે તેમાં નિરંતર બદલાવ જોવા મળે છે જેને પર્યાય કહેવાય છે. આ બદલાવમાં કશું નવું બનતું નથી કે નાશ પામતું નથી. દ્રવ્યના મુળભૂત ગુણધર્મ પણ એજ રહે છે.

તિર્થંકર મહાવીરે દ્રવ્યના સિધ્ધાંત ત્રણ રીતે સમજાવ્યા છે.

૧) ગુણ પર્યાય યુકત્ સત્ : દરેક સત્ ને પોતાના ગુણ અને પર્યાય છે. મુળભૂત સ્વભાવને દ્રવ્યનો ગુણ કહેવાય છે અને પર્યાય તે દ્રવ્યની બદલાતી સ્થિતીઓ છે. દ્રવ્યના મૂળગુણ કોઈપણ પર્યાયમાં બદલાતા નથી જેમકે આત્માનો સ્વભાવ ચેતના છે જે દરેક આત્મામાં હોય જ.

૨) ઉપનેયવા વિઘમેઈવા ધ્રુવેઈવા :

- ઉપનેયવા – ઉત્પન્ન થવું.
- વિઘમેઈવા – નાશ થવો.
- ધ્રુવેઈવા – ધ્રુવ હોવું – નિરંતર રહેવું.

આને **'ઉત્પાદ વ્યય ધ્રૌવ્ય યુક્ત સત્'** પણ કહેવાય છે. અર્થાત દ્રવ્યની અંદર એક પર્યાયની ઉત્પત્તિ થાય ત્યારે આગળના પર્યાયનો નાશ થાય છે આમ છતાં તે દ્રવ્યના મૂળ સ્વરૂપે નિરંતર રહે છે. દા.ત. જ્યારે આત્માનો તિર્યંચ ગતિનો પર્યાય નાશ પામે છે અને તેનો મનુષ્ય ગતિનો પર્યાય શરૂ થાય છે પણ આત્મા નિરંતર હોય.

૩) દ્રવ્યાશ્રય નિર્ગુણ ગુણ : ગુણના ફરી ગુણ ન હોય તે, જે નિર્ગુણ છે. બીજું દ્રવ્યના એકથી વધારે ગુણ પણ હોઈ શકે અને એકબીજાથી ભિન્ન અને સ્વતંત્ર હોય છે. દા.ત. સાકરમાં ગળપણ અને સફેદ ગુણ છે જે બંને એકબીજાથી સ્વતંત્ર છે અને આ ગુણના કોઈ અન્ય ગુણ હોતા નથી.

દ્રવ્યમાં સામાન્ય ગુણ અને વિશેષ ગુણ હોય છે.

દ્રવ્યના સામાન્ય ગુણ :

દરેક દ્રવ્યના સામાન્ય ગુણ એટલે જે દરેક દ્રવ્યમાં વિદ્યમાન છે જે નીચે પ્રમાણે છે.

૧) અસ્તિત્વ ગુણ : અનાદિ અનંત સમયથી દરેક દ્રવ્યનું અસ્તિત્વ છે.

૨) વસ્તુત્વ ગુણ : દરેક દ્રવ્યની પોતાના કાર્યથી પોતાની અલગ ઓળખાણ છે. જેમકે આત્માની ઓળખ તેના જાણવાના (જ્ઞાનના)સ્વભાવથી છે.

૩) દ્રવ્યત્વ ગુણ : એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં રૂપાંતર થઈ શકે નહી. છ દ્રવ્ય છે દરેક સ્વતંત્ર દ્રવ્ય છે. દા.ત. આત્મા કયારે પણ પુદ્ગલમાં કે પુદ્ગલ કયારેય આત્મામાં રૂપાંતર થઈ શકે નહી.

૪) પ્રમેયત્વ : દરેક સત્ જાણવા યોગ્ય છે તે જ્ઞાનનો વિષય હોય જ – જ્ઞેય હોય જ.

૫) અલઘુગરુત્વ : લઘુ એટલે ઓછું થવું અને ગુરુ એટલે વધવું. વિશ્વમાં દ્રવ્યની સંખ્યા એક સમાન જ રહે છે તે વધતા કે ઘટતા નથી જો કે પર્યાય બદલાય છે.

૬) પ્રદેશત્વ : બધા જ દ્રવ્ય જગ્યા રોકે છે.

બધા દ્રવ્ય બ્રહ્માંડમાં ઉપસ્થિત છે. જૈન બ્રહ્માંડ ૧૪ રાજલોકમાં છે. તેની બહાર ફકત એક જ દ્રવ્ય છે તે અલોકાકાશ(અનંત જગ્યા) અલોકાકાશમાં બીજા કોઈ દ્રવ્ય નથી ફકત આકાશ જ છે.

# 6 Drayas Reals

- 1) Living(Jiva)
- 5) Non-Living(AJiva)
  - Matter(Pudgal)
  - Time (Kaal)
  - Space (Akash)
  - Dharma
  - Adharma

- All 6 of them are independent of each other
- They are not convertible into each other e.g. Time can't become space or Jiva can't become Ajiva etc.
- They are all constant
- Modifications occur (Paryapti) e.g. Gold – Bengal – Ring etc.
- They all have their specific virtues e.g. Jiva has consciousness

# Living (Jiva)

- Pure Jiva<br>Liberated Souls<br>Siddha Jiva
  - This is not accepted by Science yet
- Soul with body (matter)<br>Non liberated Soul<br>Sansari Jiva

**' Pure ' Soul is like a pure gold & soul with body is like a ore of gold. In ore we don't see the true virtues of gold though they are existing in it.**

## પાઠ - ૧૪.૨ જીવ દ્રવ્ય

આત્માને આપણે ઘણા બધા શબ્દોથી જાણીયે છીએ જેમકે જીવ, આત્મા, પરમાત્મા, ચૈતન્ય, ચેતના વગેરે. આત્માનો મુળભૂત સ્વભાવ જે જૈન દર્શનમાં લખાયેલો છે એ છે 'ઉપયોગ લક્ષણો જીવ' અર્થાત જીવની જાણવાની અને જોવાની ક્ષમતા છે.

આત્મા એટલે જાગૃતિ અવસ્થા જે ચેતનાથી અલગ નથી. આત્મા જીવંત છે, આત્મા અરૂપી છે, તેનો કોઈ આકાર નથી કે ઈન્દ્રિયો દ્વારા અનુભવી શકાતો નથી. એ અમૂર્ત, અરૂપી, રંગ વગરનો, ગંધ વગરનો, સ્વાદ વગરનો, ઘાટ અને આકાર વગરનો છે. બ્રહ્માંડમાં અનંત આત્મા છે. તેઓ બધા સ્વતંત્ર અને અરૂપી છે. કર્મબંધ વગરના આત્માઓ શુધ્ધ સ્વરૂપમાં છે અને તેને અનંત સુખ છે.

સિધ્ધ અથવા શુધ્ધ અને સંપૂર્ણ આત્મા એટલે સત્, ચિત અને આનંદ. સત્‌ચિદાનંદ એટલે શાશ્વત, ચૈતન્ય અને સુખ સ્વરૂપ. યોગ ઋષિઓએ આત્માને નેતિ નેતિ કહ્યો છે - આ નહીં અને તે પણ નહીં એટલે કે એની વ્યાખ્યા ન થઈ શકે. એ સ્વમાં જઈને જ અનુભવી શકાય છે.

આત્માનું અશુધ્ધ સ્વરૂપ કર્મબંધ સાથેનું છે. આવા સંસારી દરેક આત્મા પાસે સીમિત જ્ઞાન, શ્રધ્ધા, વીર્ય અને સુખ/દુઃખનો અનુભવ છે. સમયની સાથે સાથે આત્મા ઘણા પ્રકારની ગતિમાં કર્માનુસાર ભ્રમણ કરે છે. આ રીતનું ભ્રમણ અને જન્મ અને મરણ હંમેશા ચાલુ જ રહે છે.

આ સંસારી આત્માનો સૌથી મોટો ગુણધર્મ છે કે તે શરીરની સાથે છે. શરીર વિકસે છે, સડે છે, બદલાય છે, ખાય છે, સૂએ છે, જાગે છે, ક્રિયાઓ કરે છે, આરામ કરે છે વગેરે. આ સંસારી આત્માઓ પાસે સીમિત જ્ઞાન અને શ્રધ્ધા છે. આત્મા એ આખા શરીરમાં વ્યાપ્ત હોય છે.

**જીવ - આત્માના લક્ષણો :**

૧) ચૈતન્ય સ્વરૂપ સત્ છે.

૨) સંખ્યામાં અનંત છે - અનાદિ કાળથી અસ્તિત્વ છે.

૩) સ્વભાવે સર્વ સ્વતંત્ર છે.

૪) કદમાં દેહ પ્રમાણ છે.

૫) સક્રીય છે.

૬) અરૂપી છે.

૭) અસ્તિકાય છે.

૮) કર્મનો કર્તા અને ભોક્તા છે.

૯) શુધ્ધ અથવા સિધ્ધ સ્વરૂપી એટલે મુક્ત/મોક્ષ.

**જીવનું વર્ગીકરણ :**

જીવનું વર્ગીકરણ ઘણી રીતે થાય છે. મુક્તિ પામેલા અને સંસારી આત્મા, ઈન્દ્રિયોના આધારે, ગતિના આધારે વગેરે. અહીં આપણે સામાન્ય વર્ગીકરણનું વર્ણન કરીશું.

બધા આત્માનું મૂળરૂપે બે ભાગમાં વર્ગીકરણ કરવામાં આવેલ છે. ૧)મુકત અથવા સિધ્ધ જીવ અને ૨)કર્મબંધ સાથેના અથવા સંસારી જીવ.

**૧) સિધ્ધ જીવ (મુકત આત્મા) :** મુકત આત્માને સિધ્ધ કહેવાય છે. તેમને કર્મબંધ નથી એટલે તેઓ જન્મ મરણના ફેરાથી મુકત છે. તેઓ આકાર અને શરીર વગરના છે. તેઓ બ્રહ્માંડના સૌથી ઉપરના ભાગમાં સિધ્ધશીલા પર રહે છે. તેમની પાસે અનંત જ્ઞાન, અનંત દર્શન અનંત વીર્ય અને અનંત સુખ છે. બધા સિધ્ધો સ્વતંત્ર આત્મા છે. તેમના બધા ગુણધર્મો સરખા છે. મુકત આત્માઓ અનંત છે.

**૨) સંસારી જીવ :** સંસારી જીવ પણ અનંત છે. એવા જીવો છે જેઓ કર્મબંધથી મુકત નથી થયા. તેઓ હજી જન્મ મરણના ફેરામાં છે જયાં સુધી મુકત ન થાય ત્યાંસુધી તેમનામાં જ્ઞાન, દર્શન, વીર્ય અને સુખ સિમિત છે.

તેમની પાસે ચોકકસ આકાર, ઘાટ અને શરીર છે. સંસારી આત્મા કર્મબંધથી ભૌતિક સુખ કે દુઃખનો અનુભવ કરે છે. પરંતુ આ બધા આત્મામાં મુક્તિ પામવાની ક્ષમતા છે તેઓ સિધ્ધ થઈ શકે છે. સંસારી આત્મા અથવા શરીર સાથેના આત્માને સજીવ પણ કહેવાય છે. સંસારી આત્માના ગુણ આ પ્રમાણે છે.

- સીમિત જ્ઞાન
- સીમિત દર્શન
- સીમિત વીર્ય
- સીમિત સુખ
- શરીર ધરાવે છે જેમકે વનસ્પતિ, નારકી, પ્રાણી, મનુષ્ય કે દેવ
- જન્મ અને મરણના ફેરામાં ફરે છે
- તેઓ સુખ અને દુઃખને સહન કરે છે
- કર્મનો કર્તા છે.
- કર્મના ફળ ભોગવે છે અથવા કર્મનો ભોક્તા છે.
- આ દુનિયામાંથી મુકત થઈ સિધ્ધત્વ પામવાની ક્ષમતા છે

આખું વિશ્વ અનંત જીવોથી ભરેલું છે. જૈન ધર્મગ્રંથોમાં કહેવામાં આવ્યું છે કે ૮૪ લાખ યોની છે જ્યાંથી જીવ જન્મ ધારણ કરી શકે છે. તેઓ મુખ્યત્વે બે પ્રકારના છે. ત્રસ જીવ જે પોતાની મેળે હલનચલન કરી શકે અને સ્થાવર જીવ જે પોતાની મેળે હલનચલન ન કરી શકે તે.

તેઓનું વર્ગીકરણ ઈન્દ્રિયોની સંખ્યાના આધારે પણ થઈ શકે છે. સ્થાવર જીવો એકેન્દ્રીય છે.

એના બીજા પાંચ પ્રકાર છે જેવું તેમને શરીર મળે તેના આધાર પર. ત્રસ જીવોમાં બે ઈન્દ્રિયથી લઈને પાંચ ઈન્દ્રિયો હોય છે અને તે પ્રમાણે તેમનું વર્ગીકરણ થાય છે.

**૩) સ્થાવર જીવ :** ઉપર સમજાવ્યા પ્રમાણે સ્થાવર જીવને એક જ ઈન્દ્રિય છે જે સ્પર્શ છે. તેના પાંચ પ્રકાર છે.

**૧) પૃથ્વીકાય જીવો :** જે પૃથ્વી પદાર્થમાં આત્મવાસ કરતો હોય તે પૃથ્વીકાય જીવો છે. દા.ત. માટી, રેતી, ખનીજ વગેરે. જો તેમાં જીવનો વાસ ન હોય તો તે નિર્જીવ કહેવાય. જેવી રીતે મનુષ્યના શરીરમાં આત્મા હોય તે સજીવ છે અને મૃત શરીર નિર્જીવ છે. આજ પ્રમાણે અન્ય ચાર એકન્દ્રિય જીવો છે જે અપકાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિકાય છે.

**૨) અપકાય જીવ :** પાણીના બધા રૂપો જીવ છે. ઝાકળ, ધુમ્મસ, હિમશીલા, વરસાદ વગેરે. તેમનું શરીર જ પાણી છે એટલે તેઓ અપકાય જીવ કહેવાય. પાણી એટલે સંસ્કૃતમાં અપ.

**૩) તેઉકાય જીવ :** અગ્નિના બધા રૂપો એટલે તેઉકાય. જ્વાળા, વીજળી, દાવાનળ, ગરમ રાખ વગેરે. તેમનું શરીર જ અગ્નિ છે તેથી તેઓ તેઉકાય જીવ કહેવાય. સંસ્કૃતમાં અગ્નિ એટલે તેઉ.

**૪) વાયુકાય જીવ :** હવા પણ સજીવ છે. પવન, વાવાઝોડું, તોફાન વગેરે તેમના શરીર હવાના જ બનેલા છે તેથી તેઓ વાયુકાય જીવ કહેવાય. સંસ્કૃતમાં હવા એટલે વાયુ.

**૫) વનસ્પતિકાય જીવ:** બધા પ્રકારના વૃક્ષો અને છોડ એકેન્દ્રિય જીવ છે. ઝાડ, છોડ, શાખા, ફૂલ, પાન, મૂળ, બી વગેરે આના ઉદાહરણ છે. વનસ્પતિકાયના બે પ્રકારમાં વર્ગીકરણ થાય છે.

૧) પ્રત્યેક વનસ્પતિકાય

૨) સાધારણ વનસ્પતિકાય

**૧) પ્રત્યેક વનસ્પતિકાય :** પ્રત્યેક એટલે વ્યકિતગત, દરેક. આ પ્રકારની વનસ્પતિના દરેક કોષમાં એક જીવ હોય છે. દરેક પાન, દરેક ફળ કે દરેક વનસ્પતિના ભાગમાં અનેક કોષો હોય છે. તેથી દરેક આવા વનસ્પતિ, ફળ કે શાકભાજી જે આવા ઝાડ પર વિકસિત થાય છે તેમાં અગણિત જીવો (આત્મા) હોય છે. ઝાડ, છોડ, થડ, શાખા, પાન, બી વગેરે બધા જે જમીનની ઉપર ઉગે છે તેઓ બધા પ્રત્યેક વનસ્પતિકાયના ઉદાહરણ છે.

**૨) સાધારણ વનસ્પતિકાય :** સાધારણ એટલે સામાન્ય. સાધારણ વનસ્પતિકાયમાં એક જ કોષમાં અનંત આત્માઓ હોય છે. કંદમૂળ જે જમીનની નીચે ઉગે છે જેવાકે બટાટા, ગાજર, કાંદા, લસણ, બીટ વગેરે આ વર્ગમાં આવે.

ટુંકમાં પ્રત્યેક વનસ્પતિકાયમાં અસંખ્ય આત્માઓ છે અને સાધારણ વનસ્પતિકાયમાં અનંત આત્માઓ છે.

**૪) ત્રસ જીવ :** હલનચલન કરી શકે તેવા જીવો જેને એક કરતા વધારે ઈન્દ્રિય હોય છે. તેમનું ફરીથી વર્ગીકરણ ઈન્દ્રિયોની સંખ્યાના આધાર પર થાય છે.

**૧) બેઈન્દ્રિય :** સ્પશેન્દ્રિય (સ્પર્શ) અને રસેન્દ્રિય (સ્વાદ) એમ બે ઈન્દ્રિયો હોય છે. દા.ત. છીપલા, કૃમિઓ, જીવાત, ઉધઈ વગેરે.

**૨) ત્રેઈન્દ્રિય :** સ્પશેન્દ્રિય (સ્પર્શ), રસેન્દ્રિય (સ્વાદ) અને ધ્રાણેન્દ્રિય (સુંઘવાની) એમ ત્રણ ઈન્દ્રિયો હોય છે. દા.ત. કીડી, ધનેડા, વગેરે.

**૩) ચૌરેન્દ્રિય :** સ્પશેન્દ્રિય (સ્પર્શ), રસેન્દ્રિય (સ્વાદ), ધ્રાણેન્દ્રિય(સુંઘવાની) અને ચક્ષુન્દ્રિય (જોવાની) એમ ચાર ઈન્દ્રિયો હોય છે. દા.ત. વીંછી, તમરા, કરોળીયા, ભમરા, તીડ વગેરે.

**૪) પંચેન્દ્રીય :** સ્પર્શેન્દ્રિય (સ્પર્શ), રસેન્દ્રિય (સ્વાદ), ધ્રાણેન્દ્રિય (સુંઘવાની), ચક્ષુન્દ્રિય (જોવાની), શ્રવણેન્દ્રિય (સાંભળવાની) એમ પાંચ ઈન્દ્રિયો હોય છે. દા.ત. મનુષ્ય, નારકી, દેવ, ગાય, સિંહ, માછલી, પક્ષીઓ વગેરે. પંચેન્દ્રિય જીવોમાં જેને ત્રણે કાળનો વિચારવા કરવાની શકિત છે તેને સંજ્ઞી પંચન્દ્રિય જીવ કહેવાય અને જેની પાસે આ શકિત નથી એને અસંજ્ઞી પંચન્દ્રિય જીવ કહેવાય.અસંજ્ઞી પંચેન્દ્રિય વર્તમાનને જ જાણી શકે અને તે પણ મર્યાદામાં.

જીવોનું વર્ગીકરણ ગતિના પ્રમાણે ચાર પ્રકારે થાય છે :

**૧) નારકી :** નરકમાં રહેતા

**૨) તિર્યંચ :** એકન્દ્રિયથી શરૂ કરીને મનુષ્ય સિવાયના બધા જ જીવો.

**૩) દેવ :** જે જીવો દેવલોકમાં રહે તે.

**૪) મનુષ્ય :** માણસો.

**પયાપ્તિ અને પ્રાણ :**

બધા જ સજીવોના તેમના શરીર પ્રમાણે ખાસ લક્ષણો હોય છે જેને પયાપ્તિ અને પ્રાણ કહેવાય છે.

**પયાપ્તિ :** છ પ્રકારની પર્યાપ્તિ હોય છે. આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા અને મન. જન્મ સમયે ગ્રહણ કરવાની ક્રિયાથી જીવ જે પુદ્ગલો પ્રાપ્ત કરી શકે છે તેને પર્યાપ્તિ કહેવાય છે. જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં જાય ત્યારે અન્ય પુદ્ગલોનું ગ્રહણ કરવાનું જે સામર્થ્ય છે તેને પર્યાપ્તિ કહેવાય.

જ્યારે કોઈ જીવ મરે છે ત્યારે આત્મા તેના તેજસ શરીર અને કાર્મણ શરીર સાથે બીજા શરીરમાં પ્રવેશે છે ત્યારે પહેલું કામ તે આહાર લેવાનું કરે છે પછી શરીર બને છે,ઈન્દ્રિયો વિકસીત થાય છે આ પ્રવૃતિઓ સતત ચાલુ રહે છે પછી જીવને શ્વાસોચ્છવાસ મળે છે અને પછી મન અને વાચા શકિત મળે છે.

એકેન્દ્રિયને ચાર પર્યાપ્તી છે. આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ. બેઈન્દ્રિય, ત્રેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયને પાંચ પર્યાપ્તિ હોય છે. ભાષા અને ઉપરની ચાર. સંજ્ઞી પંચેન્દ્રિય જીવને છ પર્યાપ્તિ છે. આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા અને મન.

પર્યાપ્તિના આધાર પર સજીવોનું વર્ગીકરણ નીચે પ્રમાણે છે. ૧) પર્યાપ્ત જીવો અને ૨) અપર્યાપ્ત જીવો. જીવો પોતાના કર્મબીજ પ્રમાણે પર્યાપ્તિ મેળવે છે જો જીવ કર્મબીજ પ્રમાણે બધી જ પર્યાપ્તિ પ્રાપ્ત કરે તો તે પર્યાપ્ત જીવ કહેવાય અને જો જીવ કર્મબીજ પ્રમાણ તેને મળનારી પર્યાપ્તિ પહેલા જ મૃત્યુ પામે તો તેને અપર્યાપ્ત જીવ કહેવાય દાં.ત. ગર્ભપાત થવો. પર્યાપ્ત જીવ કરતા અપર્યાપ્ત જીવ અનંતા છે.

પ્રાણ : જે શકિત દ્વારા જીવ છે અથવા ચેતન દ્રવ્ય છે એવી પ્રતિતિ થાય એવી શક્તિઓને પ્રાણ કહેવાય. પ્રાણ કુલ ૧૪ પ્રકારના છે. ૧૦ દ્રવ્ય પ્રાણ અને ૪ ભાવ પ્રાણ. સંસારી જીવોમાં ૧૪ પ્રાણ હોય છે. જ્યારે સિધ્ધ જીવોમાં શરીર ન હોવાથી ફકત ૪ ભાવ પ્રાણ હોય છે.

દસ પ્રકારના દ્રવ્ય પ્રાણ નીચે મુજબ છે :

૧) સ્પર્શેન્દ્રિય – સ્પર્શની ક્ષમતા

૨) રસેન્દ્રિય – સ્વાદની ક્ષમતા

૩) ઘ્રાણેન્દ્રિય – સુંઘવાની ક્ષમતા

૪) ચક્ષુન્દ્રિય – જોવાની ક્ષમતા

૫) શ્રવણેન્દ્રિય – સાંભળવાની ક્ષમતા

૬) મનોબળ – વિચારવાની ક્ષમતા

૭) વચનબળ – વાચા (બોલવા)ની ક્ષમતા

૮) કાય બળ – હલનચલનની ક્ષમતા

૯) શ્વાસોશ્વાસ – શ્વાસ અને ઉચ્છવાસની ક્ષમતા

૧૦) આયુષ્ય – જીવનનું આયુષ્ય

એકન્દ્રિય જીવના ૪ પ્રાણ – સ્પર્શ, કાયબળ, શ્વાસ અને આયુષ્ય

બેઈન્દ્રિય જીવના ૬ પ્રાણ – ૪ ઉપરના તથા રસ અને ભાષા

ત્રેઈન્દ્રિય જીવના ૭ પ્રાણ – ૬ ઉપરના તથા સુંઘવાની ક્ષમતા

ચૌરેન્દ્રિય જીવના ૮ પ્રાણ – ૭ ઉપરના તથા જોવાની ક્ષમતા

પંચેન્દ્રિય જીવનું બે ભાગમાં વર્ગીકરણ થયું છે.

**અસંજ્ઞી** – મન પુરુ વિકસિત થયું નથી. તેમાં ૮ પ્રાણ ઉપરના તથા સાંભળવાની ક્ષમતા હોય છે એટલે ૯ પ્રાણ.

**સંજ્ઞી** – મન પુરું વિકસિત છે. તેમાં ૯ પ્રાણ ઉપરના તથા વિચારવાની ક્ષમતા હોય છે એટલે કે ૧૦ પ્રાણ.

અહિંસા પાલન માટે પ્રાણ અને પર્યાપ્તિનું જ્ઞાન હોવું બહુ જરૂરી છે. વધારે પર્યાપ્તિવાળા અને વધારે પ્રાણવાળા જીવને હાનિ પહોંચાડવી એટલે હિંસાની તીવ્રતા વધારે છે તેને જેટલા વધારે પ્રાણને ઈજા એટલી વધારે હિંસા.

પર્યાપ્તી અને પ્રાણનું ટેબલ :

| જીવના પ્રકાર | પર્યાપ્તી | પ્રાણ |
|---|---|---|
| એકેન્દ્રિય | ૪ | ૪ |
| બેઈન્દ્રિય | ૫ | ૬ |
| ત્રેઈન્દ્રિય | ૫ | ૭ |
| ચૌરન્દ્રિય | ૫ | ૮ |
| અસંજ્ઞી પંચેન્દ્રિય | ૫ | ૯ |
| સંજ્ઞી પંચન્દ્રિય | ૬ | ૧૦ |

પર્યાપ્તિ અને પ્રાણનું ટેબલ

| પ્રકાર | વર્ગ | એકન્દ્રિય | બેઈન્દ્રિય | ત્રેઈન્દ્રિય | ચૌરન્દ્રિય | અસંજ્ઞી પંચન્દ્રિય | સંજ્ઞી પંચેન્દ્રિય |
|---|---|---|---|---|---|---|---|
| ૬પર્યાપ્તિ | આહાર | હા | હા | હા | હા | હા | |
| | શરીર | હા | હા | હા | હા | હા | હા |
| | ઈન્દ્રિય સંખ્યા | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૫ |
| | શ્વાસ | હા | હા | હા | હા | હા | હા |
| | ભાષા | ના | હા | હા | હા | હા | હા |
| | મન | ના | ના | ના | ના | ના | હા |
| | ત્રસ(હલનચલન) | ના | હા | હા | હા | હા | હા |
| ૧૦ દ્રવ્ય | ઈન્દ્રિય સંખ્યા | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૫ |
| પ્રાણ | શરીર બળ | હા | હા | હા | હા | હા | હા |
| | વચન બળ | ના | હા | હા | હા | હા | હા |
| | મન બળ | ના | ના | ના | ના | ના | હા |
| | શ્વાસ | હા | હા | હા | હા | હા | હા |
| | આયુષ્ય | હા | હા | હા | હા | હા | હા |

સંસારી જીવો આ દસ પ્રાણની મદદથી ઓળખાય છે. છ દ્રવ્ય પ્રાણ પુદ્ગલ છે ઉપરાંત આપણી પાસે સીમિત જ્ઞાન, સીમિત દર્શન, સીમિત સુખ,સીમિત વીર્ય છે જે ભાવ પ્રાણ છે. આ પ્રમાણે સંસારી જીવોને ૧૦ દ્રવ્ય પ્રાણ અને ૪ ભાવ પ્રાણ છે. સિધ્ધાત્મા પાસે શરીર નથી એટલે ફક્ત ૪ ભાવ પ્રાણ છે અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત વીર્ય અને અનંત સુખ (ચારિત્ર)

શરીરના પ્રકાર : સંસારી જીવને કર્મ બીજ પ્રમાણે પાંચ પ્રકારના શરીર છે જે પુદ્ગલ છે.

૧) કાર્મણ શરીર : ૮ પ્રકારના કર્મના જથ્થાનું બનેલું શરીર.

૨) તેજસ શરીર : જે પુદ્ગલો ઉર્જા આપે છે તે શરીર.

૩) ઔદારિક શરીર : નામ કર્મને લીધે મનુષ્ય અને તિર્યંચનું ભૌતિક શરીર.

૪) વૈક્રિય શરીર : નામ કર્મને લીધે નારકી અને દેવતાનું ભૌતિક શરીર.

૫) આહારક શરીર : એક હાથ જેવડું ચમકતા પુદ્ગલોનું શરીર જે પવિત્ર ૧૪ પૂર્વાધારી ૭ મે ગુણસ્થાને ઋષિમુનિ બનાવી શકે છે. આ શરીર મહાવિદેહ ક્ષેત્ર સુધી જઈ શકે છે ત્યાં જઈને મનની શંકા તિર્થંકર ભગવાનને પુછી પાછા આવી શકે છે. આ ઔદારિક શરીરમાંથી જ બની શકે છે.

વર્ગણા : જે પુદ્ગલો આત્મા સાથે સીધી અથવા આડકતરી રીતે ચોટેલા છે એને વર્ગણા કહેવાય છે. પાંચ શરીર જે ઉપર બતાવેલા છે તે ૫ વર્ગણા છે. તેમજ શ્વાસોશ્વાસ ચલાવે છે તે શ્વાસ વર્ગણા, ભાષા વર્ગણા અને મનો વર્ગણા એમ ૮ વર્ગણા થાય.

૮ પ્રકારના વર્ગણા

૧) ઔદારિક શરીર વર્ગણા- મનુષ્ય અને તિર્યંચનું શરીર બનાવે છે.

૨) વૈક્રિય શરીર વર્ગણા- દેવતા અને નારકીનું શરીર બનાવે છે.

૩) આહારક શરીર વર્ગણા- ખાસ શરીર જે આત્માના ગુણોથી બને છે.

૪) ભાષા વર્ગણા- ભાષા સંબંધીત.

૫) શ્વાસ વર્ગણા- શ્વાસોશ્વાસની ક્રિયા માટે જવાબદાર.

૬) મનો વર્ગણા- જેનાથી મન બને છે.

૭) તેજસ વર્ગણા- જે શરીરને ઊર્જા આપે છે.

૮) કાર્મણ વર્ગણા- જે કર્મનો જથ્થો છે.

કર્મબીજ (વર્ગણા) આત્મા સાથે જ રહે છે જ્યારે આત્મા એક ગતિમાંથી બીજી ગતિમાં જાય છે ત્યારે કાર્મણ અને તેજસ વર્ગણા સાથે જાય છે. કર્મોના હિસાબે નવું શરીર મળે છે અને સાથે તે પ્રમાણે પર્યાપ્તિ અને પ્રાણ મળે છે. તેજસ વર્ગણા શરીરને શક્તિ આપે છે. જીવ નામ કર્મના આધારે નવા શરીરને પ્રાપ્ત કરે છે (ઔદારીક અથવા વૈક્રિય શરીર) અને બીજા પ્રકારના કર્મો તે પ્રમાણે

આગળના જીવનને પ્રભાવીત કરે છે. આમ નવા જીવની ઉત્પતિ થાય અને આગળ જણાવ્યા મુજબ કર્મબીજ પ્રમાણે પર્યાપ્તિ અને પ્રાણ મળે છે.

કર્મ અને વર્ગણા પુદ્ગલ હંમેશા આત્માને ચોટેલા રહે છે અલગ અલગ રીતે જેમકે ૬ પર્યાપ્તિ, ૧૦ દ્રવ્ય પ્રાણ, ૫ શરીર, ૮ વર્ગણા અને ૮ પ્રકારના કર્મો જે પુદ્ગલ છે અને સંસારી જીવમાં હંમેશા હોય છે.

૫) ચાર ગતિ :

આ બ્રહ્માંડમાં ઘણા બધા પ્રકારના સજીવો છે. એક સેકન્ડમાં જ અનંત જન્મે છે અને અનંત મૃત્યુ પામે છે. કોઈ જીવ અવસ્થા કાયમી નથી. આપણે વિચારીએ છીએ કે જે લોકો મરે છે તેઓ કયાં જાય છે ? તેઓ કયાં જન્મ લેશે એ કોણ નક્કી કરે છે ? જૈન દર્શન કર્મ થિયરીને આધારે આને ખૂબજ સરળ અને તાર્કિક રીતે સમજાવે છે. અનંતકાળથી કર્મો આત્મા સાથે જોડાયેલા છે જે જીવોને જન્મ મરણના ચક્રમાં ફરાવ્યા કરે છે. આ જન્મ મરણના ચક્રો ત્યારે જ પૂરા થશે જયારે આત્મા કર્મબંધથી મુકત થઈ સિધ્ધત્વ પામશે.

આત્માના કર્મબંધથી નક્કી થાય છે કે કયાં અને કઈ ગતિમાં જીવ મૃત્યુ પછી બીજીવાર જન્મ લેશે. બધા ધર્મ એમ માને છે કે ફરી જન્મ લેવાની ચાર ગતિ છે. ચાર ગતિ નીચે પ્રમાણે છે. ૧) મનુષ્ય ૨) દેવ ૩) તિર્યંચ ૪) નારકી.

આત્માની સાથે જે કર્મો જોડાયેલા છે એ નક્કી કરે છે કે જીવ મૃત્યુ પામી કઈ ગતિમાં જશે. એટલા માટે જ આપણા પૂર્વ અને વર્તમાન કર્મો જ મૃત્યુ પછી આપણી ગતિ નકકી કરશે.

૧) મનુષ્ય ગતિ : જે લોકો સરળ, પ્રામાણિક અને કરુણાસભર જીવન જીવે છે તે સામાન્ય રીતે ફરી મનુષ્ય તરીકે જન્મ લે છે. એટલે મનુષ્ય જન્મ ફરી પ્રાપ્ત કરવા વ્રત, ઉપવાસ કરવા જોઈએ. સાચા ગુરુમાં ઊંડો વિશ્વાસ રાખવો, તિર્થંકરના ઉપદેશ મુજબ સાચું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. સાંસારીક વસ્તુઓના રાગથી  દૂર રહેવું. ચાર કષાય ક્રોધ, માન, માયા અને લોભથી દૂર રહેવું.

૨) દેવગતિ : જે સરળ અનુશાસિત જીંદગી જીવે છે. શ્રાવક કે શ્રમણના વ્રતોનું પાલન કરે છે. તપસ્યા કરે છે. સારા જીવન મૂલ્યો સાથે જીવન જીવે છે એ સામાન્ય રીતે દેવ તરીકે દેવગતિમાં જાય છે. દેવો પાસે ઉતમ શારીરીક ક્ષમતાઓ, અલૌકિક શકિતઓ હોય છે. બધા પ્રકારની સુખ સગવડ હોય છે. પરંતુ દેવ ગતિમાં પણ મૃત્યુ તેમના અવધિ પ્રમાણે નકકી છે. દેવો સંયમ ગ્રહણ કરી શકતા નથી કે સાધુ બની શકતા નથી અને એટલા માટે દેવ ગતિમાંથી તેઓ મોક્ષ મેળવી શકતા નથી. દેવોએ પણ મુકિત મેળવવા મનુષ્ય ગતિમાં ફરી જન્મ લેવો જ પડે છે. સારા પુણ્યને લીધે દેવગતિમાં જન્મ થાય પણ એટલું ચોકક્સ સમજવાનું કે દેવગતિમાંથી મોક્ષ કે મુકિત મળી શકે નહી.

૩) તિર્યંચ ગતિ : જે લોકો સ્વાર્થી, દગાબાજ, લોકોને પીડા આપે છે, લોકો માટે ખરાબ વિચારે છે તે તિર્યંચ તરીકે જન્મ પામે છે. પૃથ્વી, પાણી, હવા, અગ્નિ,વનસ્પતિ, પશુપક્ષી, વગેરે તિર્યંચના

ઉદાહરણ છે. આ બધા પાસે વિચાર શક્તિ સીમિત છે એટલે તેઓનો આધ્યાત્મિક વિકાસ થતો નથી.

૪) નારકી ગતિ : જે લોકો હિંસા, જુઠ, ચોરી અને અતિશય ઈન્દ્રિયોના સુખમાં રાચે છે અથવા ચાર કષાયમાં જીવે છે, સાંસારીક સુખોમાં કે ભૌતિક સાધનોથી તીવ્રતાથી જોડાયેલા છે તેઓની નારકીમાં જવાની શકયતા વધારે છે. નારકી જીવ તરીકે તેમણે ઘણી પીડા ભોગવવી પડે છે. તેઓ પોતાની જીંદગી એકબીજા સાથે ઝઘડવામાં, એકબીજાને પીડા આપવામાં જાય છે. આધ્યાત્મિક વિકાસ માટે આ જીવન સંપૂર્ણપણે ઉચિત નથી.

નિષ્કર્ષ :

બધા જીવોમાં સૌથી વધારે સુખ દેવગતિમાં મળે છે અને સૌથી વધારે દુઃખ નારકીમાં મળે છે. દેવ ગતિ કે નારકી ગતિમાં તેઓ કોઈપણ વ્રત પાળી શકતા નથી. તેઓ મુકિત કે મોક્ષ મેળવી શકતા નથી. ફક્ત મનુષ્ય ગતિમાં જ મનુષ્ય પાસે વિચારવાની શક્તિ છે જેનાથી તે તપ, સાધના કરી શકે છે,સંયમથી જીવન જીવી શકે છે, ધ્યાન કરી શકે છે. આમ કોઈપણ જીવને મોક્ષ મેળવવા મનુષ્ય ભવ પ્રાપ્ત કરવો જરૂરી છે.

તેથી જ મનુષ્ય પોતાના ભાગ્યનો નિર્માતા છે. આપણા ભાગ્ય માટે આપણે કોઈને દોષ આપી ન શકીયે. તેથી ચાલો આપણે જરા પણ વિલંબ કર્યા વગર આધ્યાત્મિક જીવન જીવવા માટે ઉત્સાહ રાખીએ જેથી ફરીથી પુર્નજન્મ મનુષ્ય તરીકે થાય અને મુકિત તરફ આગળ વધીયે.

| સિધ્ધ જીવ અને સંસારી જીવનો તફાવત | | | |
|---|---|---|---|
| ગુણ | સિધ્ધ જીવ | સંસારી જીવ | સંબંધિત કર્મ |
| જ્ઞાન | અનંત જ્ઞાન | સીમિત જ્ઞાન | જ્ઞાનાવર્ણીય કર્મ |
| દર્શન | અનંત દર્શન | સીમિત દર્શન | દર્શનાવર્ણીય કર્મ |
| સુખ/વિતરાગતા | અનંત સુખ | સીમિત સુખ(રાગદ્વેષ સાથે) | મોહનીય કર્મ |
| વીર્ય | અનંત વીર્ય | સીમિત બળ | અંતરાય કર્મ |
| શરીર | અશરીરી | નામકર્મ પ્રમાણે શરીર | નામ કર્મ |
| આયુષ્યગતિ | અમરત્વ | જન્મ-મરણના ફેરા | આયુષ્ય કર્મ |
| અલઘુગુરુત્વ | સમાનતા | ઉંચનીચ ના ભેદ | ગોત્ર કર્મ |
| વેદના | અનંત આત્મિક સુખ | ભૌતિક સુખદુખની લાગણી | વેદનીય કર્મ |

આ બધાને જાણવાનો મુખ્ય હેતુ નીચે પ્રમાણે છે.

૧) આત્મા છે.

૨) આત્મા નિત્ય છે.

૩) કર્મબંધથી જોડાયેલા છે.

૪) આત્મા કર્મનો કર્તા અને ભોક્તા છે.

૫) મોક્ષ છે.

૬) મોક્ષ જવાનો માર્ગ પણ છે.

ટુંકમાં આપણે અહીયા આત્મા વિશે, સિધ્ધ અને સંસારી જીવ તેમજ તેમના શરીર અને અશરીરનું વર્ણન વિશેનું જ્ઞાન મેળવ્યું.